



સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અને ગ્રામ્ય વિસ્તારોમાં નવલી નવરાત્રીની ધામધુમ અને ભક્તિભાવ પુર્વક દબાદબાભેર ઠેર-ઠેર ઉજવણી અંતિમ ચરણોમાં યોજાઈ રહી છે. સોનલ ગરબો શિરે અંબે માં ચાલો ધીરે ધીરે... તારા વિના શ્યામ મને એકલડું લાગે...ગબ્બરથી ઉતર્યો વાઘ રે ઓ મારી અંબાજી મા...કેસરીયો રંગ તને લાગ્યો હો ગરબા... આવતા જતાં જરા નજર તો નાખતા જજો... અવનવા પ્રાચિન,અર્વાચિન ગરબા ડી.જે.ના તાલે ખૈલેયાઓ, ભાવિક ભક્તો, અબાલવૃધ્ધો, નાના-મોટા સૌ-કોઈ ગરબાના તાલે હિલોળે ચડ્યા હતા. નવરાત્રીનું પાવન પર્વ જોતજોતામાં પુર્ણ થઈ જતાં ખેલૈયાઓમાં કહી ખુશી કહી ગમના દશ્યો જોવા મળતા હતા. આ વર્ષે નવરાત્રી દરમ્યાન મેઘરાજાએ મહેર કરતાં ખેલૈયાઓમાં ભારે નારાજગી જોવા મળતી હતી. નવરાત્રી દરમ્યાન મોડી રાત સુધી ઉજવણીનો ધમધમાટ જોવા મળતો હતો.

# આજે અરવલ્લીમાં ઠેર-ઠેર રાવણ દહનની ઉજવણી થશે

## મોડાસા શહેરમાં અરવલ્લી દશેરા સમિતિએ બે વર્ષ બાદ રાવણ દહનનું આયોજન કરતા નગરજનોમાં આનંદ છવાયો : દશેરાએ ફાફડા-જલેબીની લિજ્જત માણવા આતુર જીલ્લાવાસીઓ

મોડાસા, તા. ૧૦

મા જગદજનની આદ્યશક્તિ અંબેના શક્તિ અને આરાધનાના પર્વે નવરાત્રી મહોત્સવની ઉજવણી નવ દિવસ સુધી સતત ભક્તિ પછી દેશભરમાં રાવણ દહનની ઠેર ઠેર આતશબાજી સાથે શાનદાર ઉજવણી કરવામાં આવે છે. દશેરા પર્વ પર અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર રાવણ દહનની ભવ્ય ઉજવણીની તડામાર તૈયારીઓ આટોપી લેવામાં આવી છે. જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વિજયા દશમીના તહેવારમાં યોજાતા રાવણદહન કાર્યક્રમમાં સંજોગોવસાત છેલ્લા બે વર્ષથી બ્રેક લાગી જતા નગરજનોમાં નિરાશા વ્યાપી ગઈ હતી. નગરજનોની માંગને અનુસંધાને ચાલુ સાલે અરવલ્લી દશેરા સમિતિએ રાવણ દહનના કાર્યક્રમનું આયોજન કરી વિશાળ રાવણનુ પુતળુ તૈયાર કરાતા નગરજનો દશેરા પહેલા જોવા ઉમટી પડ્યા હતા. વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા નગરપાલિકાના બગીચાની બહાર સાંજના ૫ કલાકે શસ્ત્રપુજનનું પણ આયોજન કરાતા પ્રજાજનોમાં આનંદ છવાયો હતો.

મોડાસા શહેરમાં અરવલ્લી દશેરા સમિતિ મોડાસા દ્વારા બે વર્ષના વિરામ બાદ ચાલુ સાલે રાવણ દહનના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. દશેરાના દિવસે મોડાસાના વલ્લભસદન હોલથી રામ-લક્ષ્મણની જોડીની શોભાયાત્રા મોડાસા શહેરના ચાર રસ્તા, કલ્યાણ ચોક થઈ શાસ્ત્રીય સ્ટેડીયમ પહોંચી સાંજના ૬.૩૦ કલાકે ભવ્ય આતશબાજી કર્યા બાદ રાવણ દહનનો કાર્યક્રમ યોજાશે. રાવણને સજાવવા માટે કારીગરો છેલ્લા પંદર દિવસથી વિશાળ રાવણના પૂતળાને બનાવવા માટે લાકડાના વાંસ અને ચળકળાટ ધરાવતા રંગબેરંગી કાગળ તેમજ રાવણની અંદર અવનવી આતશબાજી કરતા ફટાકડાની સુયોજીત ગોઠવણી કરી વિશાળકાય રાવણના પૂતળાને સજ્જ કરવામાં આવ્યુ છે.

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા દશેરા નિમિત્તે શસ્ત્રપૂજનનો કાર્યક્રમ દશેરાના દિવસે સાંજના ૫ વાગ્યાના સુમારે માલપુર રોડ પર આવેલા ઓધારી તળાવના બગીચાએ રાખવામાં આવતા શહેરના મોટી સંખ્યામાં નગરજનો શસ્ત્રપુજા વિધિમાં જોડાવવા આહવાન કરવામાં આવ્યું છે.



### જિલ્લાવાસીઓ ફાફડા-જલેબીની જયાફત ઉડાડશે : સાવધાની જરૂરી

દશેરાના દિવસે ફાફડા-જલેબી કાવાનો ક્રેઝ વધતો જાય છે. પરંતુ આરોગ્યની દૃષ્ટિએ વધુ ફાફડા-જલેબી ખાવા હાનિકારક છે. ફાફડા-જલેબી ક્યાં અને કઈ જગ્યાએ તૈયાર થયા તેની માહિતી લેવી જરૂરી છે. તેમજ ચણાનો લોટ, મેંદો અને ઘીની તપાસ કરી ફાફડા જલેબી તાજા તો છે ને કે પછી વહેપારીઓએ દશેરાનો લાભ ઉઠાવવા મહિના પહેલા બનાવી દીધા છે તે ખુબ જ જરૂરી છે. તદઉપરાંત શુદ્ધ ઘી તેમજ તેલમાં ડુપ્લીકેટ તો વાપરવામાં નથી આવ્યા ને તેની તકેદારી જરૂરી બને છે.

## ચિંથરીયા મહાદેવ મંદિરે ગરબામાં ખેલૈયાઓનો થનગનાટ

મેઘરજ, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારના ચિંથરીયા મહાદેવ ખાતે નવરાત્રીની શરૂઆતથી મેઘરાજા વિધ્ન બન્યા હતા. બીજી તરફ વરસાદ પડતા ભૂમિપૂત્રો પાકના નુકસાનની ચિંતામાં હતા તેમ છતાં ખેલૈયાઓ દૂર દૂરથી ચાલીને ગ્રાઉન્ડમાં આવી વાદળો વીજળીના ઝમઝમાટ સાથે નોરતાની રમઝટ માણતા હતા.

ચિંથરીયા મહાદેવ નવરાત્રીની રમઝટ જોવા મેઘરજ તાલુકાના ખુણે ખુણેથી માણસો જોવા આવી રહ્યા હતા અન અનેરો આનંદ મેળવી રહ્યા હતા. ચિથરીયા નવરાત્રી મહોત્સવમાં અરવલ્લી મુલ્લા પ્રમુખ રાજેન્દ્ર પારધી દ્વારા ઉડતી મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રસંગે રાજેન્દ્ર પારધી દ્વારા સમાજમાં શિક્ષણવિદો, યુવાનો આગળ વધે તે દિશામાં પ્રયત્ન કરવાની હાંકલ કરી ખેલૈયાઓને પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ ઉરીમાં થયેલા આંતકી હૂમલામાં શહિદ થયેલા વીર જવાનોના માનમાં મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.



### પાલનપુરમા નવરાત્રીની આઠમે મોટી બજારમાં વેશભૂષા

પાલનપુર સહિત જિલ્લાભરમાં આ વર્ષે નવરાત્રીમા ખેલૈયાઓને મેઘરાજાએ રીઅલ રેન ડાન્સ' કરાવેલ. જેમાં ખેલૈયા-ગરબી ગુજરાતણોમાં વરસાદે બે-ત્રણ દિવસ વરસવાનું રાખતા મુડ બગડી ગયેલ. પરંતુ આખરે છેલ્લા પાંચ દિવસ વરસાદે ખમૈયા કરતા યૌવન હિલોળે ચઢ્યું હતું. મોટી બજાર ચામુંડા વિજય મંડળમાં નવરાત્રીની આઠમે નાના ભૂલકાઓની વેશભૂષા શંકર ભગવાન, અંબાજી માતા, ભારતમાતાની ભૂમિકાઓ ભજવીનો મા અંબાજી માંડવી સજાવાઈ હતી.







### ઢોલીડા ઢોલ રે વગાડ મારે હીંચ લેવી છે... હીંચ લેવી છે મારે ગરબે ઘૂમવુ છે ઢોલીડા...

અરવલ્લી જિલ્લામાં આદ્યશક્તિ મા જગદંબાના નવરાત્રી મહોત્સવમાં નવરાત્રી પૂર્ણ થવાના કાઉન્ટડાઉનની ઘડીઓ ગણાઈ રહી છે. નવરાત્રીના આઠમા નોરતે ખેલૈયાઓ સંગીતના સથવારે ગરબામાં દોઢિયા સહિતના સ્ટેપના સથવારે ઝૂમી ઉઠ્યા હતા. ખેલૈયાઓએ આઠમા નોરતે ધમાચકડી મચાવી મેદાનોમાં સંગીતના તાલ સાથે તાલ મીલાવી સૂર પુરાવતા ગરબા ગ્રાઉન્ડો ગુંજી ઉઠ્યા હતા. ખેલૈયાઓ નવમા નોરતે આખી રાત્રી ઝુમી થનગની રહ્યા છે.





સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ સરગમ પાર્ટી પ્લોટમાં રમઝટ-૨૦૧૬માં રવિવારે ખેલૈયાઓ આગવી અદામાં ગરબે મનભરીને ઝૂમ્યા હતા. સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ સૂર્યોદય પાર્ટી પ્લોટમાં તાલ-૨૦૧૬માં રવિવારે ખેલૈયાઓ આગવી અદામાં ગરબે મનભરીને ઝૂમ્યા હતા. સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગરના પોલીસ હેડ ક્વાર્ટસ ખાતે સુરક્ષા રંગતાળી -૨૦૧૬માં રવિવારે ખેલૈયાઓ આગવી અદામાં ગરબે મનભરીને ઝૂમ્યા હતા